રોજ ૪ કરોડ મીટર કાપડ બનાવતા સુરતમાં માંડ ૧ કરોડ મીટરનું ઉત્પાદન

અનલૉકને ૩૦ દિવસ થયા છતાં કાપડ ઉત્પાદન માત્ર ૨૫ જ ટકા

ખાડે ગયો તે ધંધો ત્રીજો વેવ હળવો રહે તો ફરી ૪ કરોડ મીટરની સ્થિતિ સુધી પહોંચી શકાશેઃ નિષ્ણાંતો

। સુરત ।

કોરોનાના બીજા વેવના કારણે કરવામાં આવેલા બંધ સામે તા. ૨૧મી મે થી રાજ્ય સરકારે છૂટછાટ આપી છે, પરંતુ કાપડ ઉત્પાદનનું હબ ગણતા સુરતનું દૈનિક કાપડ ઉત્પાદન માંડ ૧ કરોડ મીટર પર પહોંચ્યું છે, જે માર્ચ પૂર્વે ૪ કરોડ મીટર દૈનિક સુધી પહોંચી ગયું હતું. પ્રથમ વેવ કરતાં કોરોનાનો બીજા વેવ શહેરના વીવર્સ અને મિલ માલિકો માટે વધુ નુકસાનકારક રહ્યો હોવાનો મત વ્યક્ત થઈ રહ્યો છે. આ સાથે જો ત્રીજો વેવ નહીં આવે તો ફરીથી ૪ કરોડ મીટર દૈનિક કાપડ પ્રોડક્શનનો લક્ષ્યાંક હાંસલ કરી શકાશે તેવો આશાવાદ પણ વ્યક્ત થઈ રહ્યો છે.

સ્થાનિક ઉદ્યોગકારોનો મત છે કે, પ્રથમ કરતાં બીજા વેવથી મોટું નુકસાન થયું છે. તેની પાછળનું કારણ આ વખતે કાપડનું પ્રોડક્શન શરૂ રાખવા માટેની પરવાનગી હતી અને ઉદ્યોગકારોને આશા પણ હતી કે લોકડાઉનની સ્થિતિ પછી કાપડની મોટી ડિમાન્ડ નીકળશે, પણ તેની સામે દ.ભારત સહિતના અન્ય રાજ્યોમાં પણ કોરોનાની સ્થિતિ થાળે પડી નથી. તા. ૨૧મી મે થી રાજ્ય સરકારે વાણિજ્યિક પ્રવૃત્તિઓને વેપાર કરવા માટે છૂટછાટ આપી હતી. આજે એક મહિનો તેને પૂર્ણ થયો પરંતુ સુરતનું કાપડ પ્રોડક્શન હજુ પણ ૪ કરોડ મીટર દૈનિક પ્રોડક્શનનો લક્ષ્યાંક હાંસિલ કરી શક્યું નથી. માત્ર ૧થી સવા કરોડ મીટર સુધીનું જ પ્રોડક્શન દૈનિક થઈ રહ્યું હોવાનો મત છે. આ સાથે જે અન્ય રાજ્યોમાંથી ૧ થી ૧.૫૦ કરોડ મીટર કાપડ પ્રોસેસ થવા સુરત આવતું હતું, હાલ તેના પર પણ બ્રેક લાગી છે.

કરોડ મીટર સુધીનું કાપડ પ્રોડક્શન શરૂ થયું

કોરોનાના પ્રથમ વેવ કરતાં બીજા વેવમાં મોટું નુકસાન છે. માંડ ૧૨ કલાકની એક પાળીમાં ૩૦ ટકા એકમો ચાલે છે. એક મશીન પર ૩૦ મીટર કાપડ એક પાળીમાં નીકળે છે, તે પ્રમાણે માંડ ૧ થી સવા કરોડ મીટરનું પ્રોડક્શન થાય છે. સરકારે ગત લોકડાઉનની જેમ આ વખતે વિવિધ રાહતો આપી નથી. જેના કારણે પણ ઈન્ડસ્ટ્રીને મોટો માર પડ્યો છે.

- અશોક જીરાવાલા (પ્રમુખ, ફોગવા)

માર્ચ સુધી ૪ કરોડ મીટર ઉત્પાદન દૈનિક થતું

જીએસટી પૂર્વે સુરતમાં કાપડનું પ્રોડક્શન દૈનિક ૪ કરોડ મીટર થતું હતું, ગત વર્ષે કોરોનાની સ્થિતિ બાદ સપ્ટેમ્બરથી ફરી ૨.૫ કરોડની જગ્યાએ ૪ કરોડ મીટર દૈનિક સુધી કાપડ પ્રોડક્શન આવી ગયું હતું. જોકે, ફરી આ માર્ચથી સ્થિતિ બગડતાં પ્રોડક્શન નીચું ગયું છે. હવે માર્કેટો ખૂલી રહી છે. ત્રીજા વેવની મોટી અસર નહીં થાય તો ફરી નિયત પ્રોડક્શન આવી જશે.

- ભરત ગાંધી (ચેરમેન, ફીઆસ્વી)

ગામડામાં કોરોનાની અસરથી પ્રોડક્શન હજુ પણ નીચું

કોરોનાના બીજા વેવમાં ગ્રામ્ય સુધી અસર થઈ છે. સુરતનું કાપડ છેવાડાના ગામ સુધી જાય છે. હાલ મિલો માંડ ૩૦ ટકા સુધી કાર્યરત થઈ છે. બીજી તરફ જૂના પ્રોગ્રામ પણ પ્રોડક્શન પૂર્ણ થઈને ૧૫-૧૫ દિવસથી મિલોમાં સ્ટોક પડી રહ્યો છે પણ તેની પણ ડિલિવરી સમયસર લેવામાં આવી રહી નથી. તે પ્રમાણે કાપડ સેક્ટરનું મોટું પેમેન્ટ સલવાયું છે.

-જિતેન્દ્ર વખારિયા (પ્રમુખ, એસજીટીપીએ)

વિશ્વ યોગ દિવસઃ બીજા વર્ષે પણ કોરોનાનું ગ્રહણ

કોરોનાની મહામારી વચ્ચે વિશ્વ યોગ દિવસની ઉજવણી મોકૂફ રાખવામાં આવી છે. ગતવર્ષે ઓનલાઇન માધ્યમથી ઘર બેઠા બેઠા લોકોએ આસનો કરી વિશ્વ યોગ દિવસની ઉજવણી કરી હતી. હવે આવતીકાલે વિશ્વ યોગ દિન નિમિત્તે વડાપ્રધાન ઓનલાઇન માધ્યમથી દેશવાસીઓને સંબોધન કરશે, તેમજ વિશિષ્ટ કામગીરી કરનારાઓનું સન્માન કરશે.

- દર્શન નભાણી

૨૧ કિલો ગાંજા સહિત ૩.૧૮ લાખનો મુદ્દામાલ કબજે

કુખ્યાત ઉત્કલનગરમાં મોપેડ પર ગાંજો વેચવા નીકળેલા બે પકડાયા

બંને ઉડિયાને ગાંજો સપ્લાય કરનાર વરાછાનો કાલુ બિહારી વોન્ટેડ

। સુરત ।

ગાંજાના ગોરખધંધા માટે કુખ્યાત ઉત્કલનગર ઝૂપડપટ્ટીમાં મોપેડ પર બિંદાસ્ત ગાંજો વેચવા નીકળેલા બે ઉડિયાને કતારગામ પોલીસે પકડી પાડ્યા હતા. પોલીસે રૂપિયા ૨.૧૦ લાખની કિંમતના ૨૧ કિલો ગાંજાના જથ્થા સહિત કુલ્લે રૂપિયા ૩.૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. ગાંજાના સપ્લાયર વરાછાના કાલુ બિહારીને વોન્ટેડ જાહેર કરાયો હતો.ો

મળતી વિગતો પ્રમાણે કતારગામ પોલીસ મથકના સર્વેલન્સ સ્ટાફ પીઆઈ ગોહિલના માર્ગદર્શન હેઠળ રવિવારે સવારે પેટ્રોલિંગમાં હતો ત્યારે બાતમી મળી હતી કે ઉત્કલનગર ઝૂપડપટ્ટીમાં બે યુવકો મોપેડ પર ગાંજો વેચવા નીકળ્યા છે. જે માહિતીને આધારે પોલીસે વોચ ગોઠવી ઉત્કલનગરમાં અંબાજી મહોલ્લા સામે આવેલ જીઆઈડીસી બ્રિજની નીચેથી એક્ટિવા પર ગાંજો વેચવા નીકળેલા બે યુવકો આબાદ પકડાઈ ગયા હતા. પોલીસે સાગર શશીપ્રધાન (ઉ.વ.૨૩, રહે-અંબાજી મહોલ્લો, ઉત્કલનગર ઝૂપડપટ્ટી, કતારગામ- મુળ સચીનાગામ, ગંજામ, ઓરિસ્સા) અને મુકેશ ઉર્ફે ભાલુ હિન્ના રાઉત (ઉ.વ.૨૦, રહે-અંબાજી મહોલ્લો, ઉત્કલનગર ઝૂપડપટ્ટી, કતારગામ- મુળ સચીનાગામ, ગંજામ, ઓરિસ્સા)ને પકડી પાડ્યા હતા. પોલીસે બંનેના મોપેડ પરથી ગાંજાના પોટલા અને વજનકાંટા મળી આવ્યા હતા. બંને વજનકાંટા લઈ ગાંજો વેચવા નીકળ્યા હતા. કતારગામ પોલીસે એનડીપીએસ એક્ટ અન્વયે ગુનો નોંધી રૂપિયા ૨.૧૦ લાખની કિંમતનો ૨૧ કિલો ૭૫ ગ્રામ ગાંજાનો જથ્થો કબ્જે લીધો હતો. સાથોસાથ પોલીસે ૩ મોબાઈલ , રોકડા રૂપિયા ૨૦૨૦ અને બે મોપેડ પણ જપ્ત કર્યા હતા. આ સાથે કુલ્લે રૂપિયા ૩.૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે લેવાયો હતો. આરોપીઓની પૂછપરછમાં તેઓ આ ગાંજો વરાછાના કાલુ બિહારી પાસે લાવ્યા હોવાનું કબૂલતા પોલીસે કાલુ બિહારીને વોન્ટેડ જાહેર કર્યો હતો.

શાકભાજીની જેમ ખુલ્લેઆમ ગાંજાનો વેપલો

અશોકનગર અને ઉત્કલનગર ઝૂપડપટ્ટી ગાંજાના વેપલા માટે બદનામ છે. અહીં વર્ષોથી ઓરિસ્સાવાસી લોકો ગાંજાનો ધંધો કરે છે. ટ્રેન મારફતે ઓરિસ્સાથી ગાંજો મંગાવી અહીં રેલવે પટરી પાસે પાથરણા પાથરી શાકભાજીની જેમ ખુલ્લેઆમ ગાંજાનું વેચાણ કરે છે. પોલીસ તંત્રથી આ ઉડિયા તત્ત્વો બેખૌફ છે. રેઇડ પાડવા આવેલી પોલીસ પર હુમલો કર્યા હોવાના સંખ્યાબંધ બનાવો અહીં ભૂતકાળમાં બની ચૂક્યા છે. ઉડિયાઓએ પોતાના ઘરોમાં ગાંજાના અન્ડરગ્રાઉન્ડ ગોડાઉન પણ બનાવ્યા છે. અગાઉ વરાછા-કતારગામ પોલીસે સંયુક્ત ઓપરેશન પાર પાડી ગાંજાના ગોડાઉનનો પણ પર્દાફાશ કર્યો હતો.

યુનિ.નીસિન્ડિકેટમાં CBSEના વિદ્યાર્થીઓની બેઠક નક્કી થશે

। સુરત ।

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં પ્રવેશ અને પરીક્ષાની મથામણ વચ્ચે હવે નવા સત્ર ૨૦૨૧-૨૨ની પ્રવેશ પ્રક્રિયામાં સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ માટે કેટલા ટકા બેઠક અનામત રાખવી તે મુદ્દે મૂંઝવણ જોવા મળી રહી છે. જેમાં હવે સોમવારે યોજાનારી બેઠકમાં સિન્ડિકેટ બેઠકમાં સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ માટે બેઠક, નીડ કમિટીના રિપોર્ટ અને બ્રિજ કોર્સ પર ચર્ચા કરી આખરી નિર્ણય લેવાશે.

નોંધનીય છે કે, દર વર્ષે કોલેજોની પ્રવેશ પ્રક્રિયા વેળાએ સીબીએસઈ બોર્ડના વિદ્યાર્થીઓ માટે અનામત બેઠક ઓછી હોવાની ફરિયાદો ઊઠે છે. એવામાં નવા સત્રમાં સીબીએસઈ અને અન્ય બોર્ડના વિદ્યાર્થીઓ માટે કેટલી બેઠક અનામત રાખવી તેના પર નિર્ણય લેવાશે. ગત વર્ષે ગુજરાત બોર્ડના વિદ્યાર્થીઓ માટે ૯૦ ટકા અને અન્ય બોર્ડ માટે ૧૦ ટકા બેઠક અનામત રાખવામાં આવી હતી. હવે આ વર્ષે કેવી રીતે ફાળવણી કરવી એ સોમવારે મળનારી સિન્ડિકેટ બેઠકમાં નિર્ધારિત કરાશે. ઉપરાંત, આર્ટ્સ અને સાયન્સના વિદ્યાર્થીઓને કોમર્સમાં બ્રિજ કોર્સને આધારે પ્રવેશ માટેનો આખરી નિર્ણય લેવાશે. તે સાથે જ નવા શૈક્ષણિક સત્રમાં નવી કોલેજો માટે વિવિધ શૈક્ષણિક ટ્રસ્ટોએ મંજૂરી માંગી છે.

સગીરાને લગ્નની લાલચે ભગાડી ગયેલો આરોપી જલગાંવથી પકડાયો

સુરત : ડિંડોલીમાં રહેતી ૧૫ વર્ષીય સગીરા ગત તા.૩-૨-૨૧ના રોજ અચાનક ગાયબ થઈ ગઈ હતી. પરિવારજનોએ તપાસ કરતા સગીરાને સચિન બિરહાડે નામનો યુવક લગ્નની લાલચ આપી ફોસલાવી ભગાડી ગયો હોવાનું ખૂલતા ડિંડોલી પોલીસે આ મામલે અપહરણનો ગુનો દાખલ કર્યો હતો. ત્યારબાદ પોલીસે પીઆઈ સાળુંકેના માર્ગદર્શન હેઠળ ટેકનિકલ સર્વેલન્સની મદદ લઈ તપાસ કરતા આરોપીનું લોકેશન જલગાંવ મળ્યું હતુ. જેથી ડિંડોલી પોલીસના હેકો અરૂણ આનંદરાવ અને ભરત કોદરભાઈએ જલગાંવ જઈ આરોપી સચીન ઉર્ફે બંટી પ્રમોદભાઈ બિરહાડેને પકડી પાડ્યો હતો.

'તુમકો કિસને ભેજા, તુમને મેરી ગાડી ક્યું પકડી'

ટ્રકનો પીછો કરતા હોમગાર્ડનું અપહરણ કરી એક કલાક સુધી ગોંધીને માર માર્યો

ચાલુ ટ્રકમાં જ માર મારી ૧૫ કિમી દૂર હોજીવાલા પાસે ઉતારી દેવાયો

। સુરત ।

ONGC સર્વિસ રોડ ઉપર રોકવાનો ઈશારો કરવા છતાં પણ ટ્રક નહિ રોકનાર ચાલકનો પોલીસ કોન્સ્ટેબલની બાઈક લઈ પીછો કરવાનું હોમગાર્ડને ભારે પડ્યું હતું. કવાસ પાટિયા પાસેથી ટ્રકચાલકે ચાર સાગરીતો સાથે મળી હોમગાર્ડનું અપહરણ કરી લીધું હતું. એક કલાક સુધી બાનમાં રાખી માર મારી સચિનના હોજીવાલા પાસે ધમકી આપી છોડી દેતાં હાઈવોલ્ટેજ ડ્રામાનો અંત આવ્યો હતો.

ઈચ્છાપોર પોલીસ સાથે મદદમાં હોમગાર્ડ તરીકે ફરજ બજાવતો ૨૩ વર્ષીય મોહિત રાજેશ યાદવ (રહે. હરિઓમની ચાલ, અડાજણ) શનિવારે રાત્રે અગિયાર વાગ્યાથી રવિવારે સવારે પાંચ વાગ્યા સુધી ઈચ્છાપોરના લોકરક્ષક કોન્સ્ટેબલ નયનાબેન ગોવિંદ અને લોકરક્ષક અશોક જોધા સાથે ONGC સર્વિસ રોડ ઉપર ડ્યૂટી ફાળવવામાં આવી હતી.

રવિવારે રાત્રે ૦૧ વાગ્યાના અરસામાં ONGC સર્વિસ રોડ ઉપર તે ડ્યૂટી ઉપર હાજર હતો તે વખતે સચિન તરફથી આવેલી ટ્રક (નં. MP-૦૯-HG.૩૯૩૧)ને રોકવાની કોશિશ કરી હતી. ચાલકે ટ્રક ભગાવી દેતાં આ હોમગાર્ડે પોલીસ કોન્સ્ટેબલની બાઈક લઈને પીછો કર્યો હતો. અડધો કિમી દૂર કવાસ પાટિયા પાસે ટ્રકને આંતરી લીધી હતી. જોકે ટ્રકમાંથી ડ્રાઈવર સહિતના પાંચેક શખ્સો ઊતર્યા હતા અને આ હોમગાર્ડને પીછો કરવાનું કોણે કહ્યું તેમ કહી ઊંચકીને ટ્રકમાં અપહરણ કરી યૂ-ટર્ન લઈ પરત મગદલ્લા બ્રિજ થઈ ૧૫ કિમી દૂર સચિન હોજીવાલા પાસે છોડી દીધો હતો.

મગદલ્લા બ્રિજ ઉપરથી નદીમાં ફેંકી દેવાનું કહી ધમકાવ્યો

ટ્રકચાલક અને તેના સાગરીતોએ આ હોમગાર્ડનું અપહરણ કર્યા બાદ યૂ-ટર્ન લઇ પરત મગદલ્લા બ્રિજ ઉપર આવ્યા હતા. અહીં ટ્રકચાલક અને તેના સાગરીતોએ હોમગાર્ડને પીછો કરવા માટે કોણે કહ્યું તેમ કહી ધમકાવવાની સાથે બ્રિજ ઉપરથી નદીમાં ફેંકી દેવાની ધમકી આપી હતી. એક કલાકે તેનો છુટકારો થયો હતો તે દરમિયાન ટ્રકમાં જ તેની મારઝૂડ કરવામાં આવી હતી.

બાઇક બિનવારસી મળતાં પોલીસને એલર્ટ કરાઇ

કોન્સ્ટેબલની બાઇક લઇને ગયેલો હોમગાર્ડ મોડે સુધી નહિ આવતાં પોલીસ તેને શોધવા નીકળી હતી. કવાસ પાટિયા પાસેથી બાઇક મળી બિનવારસી મળી આવી હતી, હોમગાર્ડ લાપતા હોઇ પોલીસને જાણ કરાઇ હતી. જોકે, મુક્ત થયેલા હોમગાર્ડે પોલીસ કંટ્રોલમાં ફોન કરતાં પોલીસ હોજીવાલા પહોંચી ગઇ હતી અને ટ્રકને શોધવા માટે પોલીસને એલર્ટ કરી હતી. ઇન્સ્પેક્ટર સ્વપ્નિલ પંડ્યા વધુ તપાસ કરી રહ્યા છે.

ધાસ્તીપુરામાં કરફ્યૂ વચ્ચે ટોળું ભેગું કરી જન્મદિવસની ઉજવણી કરતા 5ની ધરપકડ

। સુરત ।

પોલીસ કમિશ્નરના જાહેરનામાની ઐસીતૈસી કરી બર્થ ડે સેલિબ્રેશનનો વધુ એક વીડિયો વાયરલ થતા પોલીસ દોડતી થઈ ગઈ હતી. ધાસ્તીપુરા ખાતે રાત્રિ કરફ્યું વચ્ચે ટોળાં ભેગાં કરી સોહેલ ઉર્ફે બંટીએ જન્મદિવસ ઉજવ્યો હતો. પોલીસે બર્થ ડે બોય સોહેલ, નામચીન બાબ કબૂતર

સહિત પાંચની ધરપકડ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે રવિવારે સવારે સોશિયલ મીડિયામાં ધાસ્તીપુરાનો એક વીડિયો વાયરલ થયો હતો. જેમાં રાત્રિ કરફ્યું વચ્ચે કેટલાંક યુવકો ટોળાં ભેગાં કરી બિંદાસ્ત બર્થ ડે સેલિબ્રેટ કરવા સાથે બોટલમાંથી દારૂની છોળો ઉડાવતા હોવાના નામે વીડિયો વાયરલ થતા લાલગેટ પોલીસ દોડતી થઈ ગઈ હતી. પોલીસે કરેલી તપાસમાં આ વીડિયો ધાસ્તીપુરામાં ગુલશન પાર્ક એપાર્ટમેન્ટની પાછળની ખુલ્લી જગ્યામાં તા.૧૬મીના રાત્રિના ૯-૩૦ વાગ્યાનો હોવાનું બહાર આવ્યું હતુ. અહીં સોહેલ ઉર્ફે બંટી નામના યુવકનો જન્મદિવસ ઉજવાયો હતો. બંટીએ પોતાના મિત્રો સાથે પોતાના નામ લખેલી ૧૫થી વધુ કેક કાપી બર્થ ડે ઉજવ્યો હતો. સાથોસાથ આ યુવકો દારૂ નહિ પણ ફૂટ સોડાથી સેલિબ્રેશન કરતા હોવાનું પણ ખુલ્યું હતુ.

રાત્રિ કરફ્યુમાં જન્મદિવસ ઉજવણીમાં સોશિયલ ડિસ્ટન્સિંગનો ભંગ થવા સાથે કોઈએ માસ્ક પણ પહેર્યા ન હતા. લાલગેટ પોલીસે એપેડેમિક ડિસીઝ એક્ટ તથા જાહેરનામા ભંગ અંતર્ગત ગુનો દાખલ કરી બર્થ ડે બોય સોહેલ ઉર્ફે બંટી સમસુદ્દીન શેખ (ઉ.વ.૨૭, રહે- પાતળીયા હનુમાન દાદાના મંદિર પાસે, ધાસ્તીપુરા), જમીલ સુલેમાન સિદાત (ઉ.વ.૩૭,રહે- વરિયાળી બજાર), સોહેલ ઉર્ફે બાબા કબૂતર જહુર પઠાણ (ઉ.વ.૨૭, રહે- પાલિયા ગ્રાઉન્ડ ઝૂપડપટ્ટી), અફઝલ મહેબુબ પટેલ (ઉ.વ.૨૪, રહે- ખાન સાહેબનો ડેલો) અને સૈફ અલી રોશન અલી સૈયદ (ઉ.વ.૨૪, રહે- ખાનસાહેબનો ડેલો)ની ધરપકડ કરી હતી.

ગેરકાયદેસર વીજજોડાણ આપનાર બે ઝડપાયા

સુરત : શનિવારે વીજકંપનીના વિજિલન્સ વિભાગ અને લાલગેટ પોલીસે ખજુરાવાડીમાં રેડ પાડી હતી. શાહબુદ્દીન નિઝામુદ્દીન અંસારી અને જલાલુદ્દીન ગોરૂમીયા શેખ ટોરેન્ટ પાવરના વીજજોડાણમાંથી ગેરકાયદેસર રીતે ૩ કનેક્શન ત્રાહિત વ્યક્તિને આપ્યા હતા. પોલીસે બંને વિરુદ્ધ વીજચોરીની ફરિયાદ નોંધી હતી.

સંદેશ અવસાન-બેસણું-શોકસભા-શ્રધ્ધાંજલિ
અંદરના પાને ૩. 1600/- 9 X 5 ફીક્સ સાઈઝના
અંદરના પાને ૩. 3200/- 9 X 10 ફીક્સ સાઈઝના
કુલ ૯૦ સ્કે.સેમી સુધી જ તેનાથી વધારે સેમી માટે આખી જા.ખનો ડિસ્પ્લે રેટ લાગશે
સત્યેશ ભવન, દેસાઈ સીએનજી પંપની બાજુમાં, બમરોલી રોડ, ખટોદરા જી.આઈ.ડી.સી., સુરત.
ફોન નં. 4089000, 4089001
નોંધ : ઉપરોક્ત ભાવમાં GST અલગથી લાગશે

સાર્વજનિક જાહેરાત
ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (લીક્વીડેશન પ્રોસેસ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૩૧(૨) સહિત વંચાણે લેતા નિયમન ૧૨(૩)
સુપ્રીમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડ ફડચામાંના હિતધારકોની જાણ માટે
ઈન્સોલ્વન્સી એન્ડ બેન્કરપ્સી બોર્ડ ઓફ ઈન્ડિયા (લીક્વીડેશન પ્રોસેસ) નિયમનો, ૨૦૧૬ના નિયમન ૩૧(૨) સહિત વંચાણે લેતા નિયમન ૧૨(૩) અન્વયે આથી કંપનીના તમામ હિતધારકો માટે સાર્વજનિક જાહેરાત આપવામાં આવે છે કે કંપનીના હિતધારકોની સૂચિ નામદાર અડ્જુડિકેટિંગ ઓથોરિટી (એનસીએલટી, અમદાવાદ બેન્ચ) સમક્ષ તા. ૧૯મી જૂન, ૨૦૨૧ના રોજ ફાઇલ કરેલ છે. કોર્પોરેટ ડેબ્ટરની વેબસાઇટ કાર્યરત નથી, આથી મળેલ દાવાઓ, સ્વીકૃત દાવાઓ, દાવાઓના પરિમાણ સહિતની સંપૂર્ણ વિગતો દર્શાવતી ગ્રેણીવાર સૂચિ કે જેમના અંશ કે બાકી લેણા સિક્યુર્ડ કે અનસિક્યુર્ડ છે, હિતધારકોની વિગતો સમયાંતરે લિક્વિડેટર દ્વારા ફરાયેલ ફેરફાર સહિત લિક્વિડેટરની વ્યવસાયિક વેબસાઇટ www.ipvikasgupta.com પર જોઈ શકાશે.
હિતધારકોને પુનઃ સૂચિત કરવામાં આવે છે કે નામદાર અડ્જુડિકેટિંગ ઓથોરિટી સમક્ષ ફાઇલ કરેલ કંપનીના હિતધારકોની સૂચિમાં કોઈ પણ સુધારો અડ્જુડિકેટિંગ ઓથોરિટીને અરજી કરીને અડ્જુડિકેટિંગ ઓથોરિટી દ્વારા સૂચિત રીતે કરી શકાશે.
તારીખ : ૨૧.૦૬.૨૦૨૧
નાગપુર
સહી/-
વિકાસ પ્રકાશ ગુપ્તા
લિક્વીડેટર
સુપ્રીમ (ઈન્ડિયા) ઈમ્પેક્સ લિમિટેડ

Surat Municipal Corporation
Election and Census Department
E-Tender (Online) Invitation Notice : (4th Attempt)
DMC(D) / Election and Census/02/2021-2022
The Tender for Election and Census Department in Surat Municipal Corporation are invited On line on https://smc.nprocure.com from Experienced Contractor with following schedule

Name of the Department	Election and Census
No. of Work	1
No. of Tenders	1
Total Estimated cost	1,00,00,000=00

The details tender notice will be made available on website www.suratmunicipal.gov.in
No. P.R.O./1010/2021-22
Date : 19/06/2021
Sd/- Deputy Muni. Commissioner (D), Surat Municipal Corporation

શ્રધ્ધાંજલિ

કરૂણા જેના હદયમાં, કર્મ જેનો સિધ્ધાંત હતો પરિવાર જેનું મંદિર હતું. કોઈના દુઃખે દુઃખી કોઈના સુખે સુખી એવો જેમનો જીવનમંત્ર હતો.
કયારેય કલ્પી ન શકાય એવી તમારી અણધારી વિદાય સૌનુ કાળજું કંપાવી ગઈ પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી સૌની હદયપૂર્વકની પ્રાર્થના.
સ્વ. ભરતભાઈ કાંતિલાલ જોષી (પ્રમુખશ્રી નવસર્જન સંકુલ, સુરત) સ્વ. તા. ૧૯/૦૬/૨૦૨૧
લિ. ભગવાનજીભાઈ સોલંકી - મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
કાંતિલાલ સોલંકી - ઉપપ્રમુખશ્રી
જયેશસિંહ પરમાર - મંત્રીશ્રી
તેમજ નવસર્જન સંકુલ
ગુજરાતી/એંગ્લી/હિન્દી માધ્યમના સમગ્ર શાળા પરિવાર

પ્રથમ માસિક પૂણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ.પાર્વતીબેન નારણભાઈ આહીર
સ્વ.તા.૨૧/૦૫/૨૦૨૧
મા તારો હાથ શીરે છે. એ અહેસાસ આજે પણ અમે કરીએ છીએ. દિલ ભરાય જાય છે, ત્યારે તમારી તસ્વીર સાથે વાત આજે પણ કરીએ છીએ, ઇ અમને જોતી હશે એવો આભાસ આજે પણ અમો કરીએ છીએ, દરેક જન્મે આજ સંબંધ મળશે અમને એજ પ્રાર્થના આજે પણ અમે કરીએ છીએ.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના.
લિ.
મધુબેન પ્રકાશભાઈ આહીર (પુત્રી) પ્રકાશભાઈ ઠાકોરભાઈ આહીર (જમાઈ) - અંબાનગર, સુરત
રમીલાબેન ભરતભાઈ આહીર (પુત્રી) ભરતભાઈ ઈકાભાઈ આહીર (જમાઈ) - શામપુરા
નયનાબેન રમેશભાઈ આહીર (પુત્રી) રમેશભાઈ અંબુભાઈ આહીર (જમાઈ) - ભાદોલ
દિક્ષિત - અભી - જશ (દોહિત્ર)
નિપમ - પિયંકા - શિવાની - હેની (દોહિત્રી)
નિવાસ સ્થાન : આહીર ફળિયું, મોટા વરાછા ગામ, સુરત સીટી

શ્રી અમદાવાદી ચાંપાનેરી મોઢ ઘાંચી અવસાન
॥ શ્રધ્ધાંજલિ ॥

સ્વ. વિનોદરાય (વિનુદાદા) અંબારામ મોદી
સ્વ.તા. ૧૯-૦૬-૨૦૨૧
શ્રી વિનોદરાય (વિનુદાદા) અંબારામ મોદીના અવસાનથી અમારા પરિવારે અમારા વડિલ અને માર્ગદર્શક ગુમાવ્યા છે. પરિવારના મોભી સ્વ. વિનુદાદાના કાર્યો કાયમ યાદ રહેશે. અમારો પરિવાર દુઃખની લાગણી અનુભવે છે. તેમના પરિવાર પર આવી પડેલા દુઃખને સહન કરવાની શક્તિ પ્રભુ એમને આપે. સ્વ.વિનુદાદાના અવસાનથી સમાજે એક સેવા ભાવી શ્રેષ્ઠી ગુમાવ્યા છે. પ્રભુ એમના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
અનિશભાઈ ગમનલાલ ગાંધી | નિલેશકુમાર ગમનલાલ ગાંધી
કૃણાલ નિલેશકુમાર ગાંધી | વિશાલ નિલેશકુમાર ગાંધી
યશ અનિશભાઇ ગાંધી
તથા સમસ્ત મોદી પરિવાર - કડોદરા
શુભમ હીરો, નવાગામ, કામરેજ /કડોદરા

દ્વિતીય માસિક ભાવભીની શ્રધ્ધાંજલિ

સ્વ. શોભનાબેન ધનસુખભાઈ પટેલ
સ્વ.તા. ૨૧-૪-૨૦૨૧
સ્વ. ચેતનકુમાર ધનસુખભાઈ પટેલ
સ્વ.તા. ૨૭-૦૪-૨૦૨૧
સમય જુંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી. વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી, સર્વત્ર સુવાસ ફેલાવી સંભારણા સૌના દીલમાં રાખી ગયા. નથી સાથે પછી સાથે છો તેવું લાગ્યા કરે છે, ક્યારેક થયેલી વાતો કાનોમાં ગુંજ્યા કરે છે.દરેક પ્રસંગોએ ખટકશે અમોને ગેરહાજરી તમારી, મળવો સંગાથ આપનો, જન્મો જન્મ મળો તમે અમને એજ પ્રાર્થના. પ્રભુ તમારા દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અમારી હૃદયપૂર્વકની શ્રધ્ધાંજલિ
લિ.
ઓમ વિપુલકુમાર પટેલ | વિપુલકુમાર શાંતુભાઈ પટેલ
વીર તેજસકુમાર પટેલ | તેજસકુમાર ઠાકોરભાઈ પટેલ
પૂર્વીશ તરંગકુમાર પટેલ | તરંગકુમાર હસમુખભાઈ પટેલ
જિયાન અંકિતકુમાર પટેલ | સ્વ. ચેતનકુમાર ધનસુખભાઈ પટેલ
અંકિતકુમાર ગિરીશભાઈ પટેલ
આંજોલા પરીવાર સીયાણ
જયેશભાઈ ડાહ્યાભાઈ પટેલ | ચેંચાટ પરીવાર નવી પારડી
રમણભાઈ મગનભાઈ પટેલ | રણોદરીયા પરીવાર સુરત

અલથાણના યુવકે ફાંસો ખાઈ લીધો

સુરત : અલથાણ ખાતે તડકેશ્વનગરમાં રહેતો રવિકુમાર કાંતીભાઈ પટેલ (ઉં.વ.૩૨) લુમ્સ કારખાનામાં નોકરી કરતો હતો. રવિવારે બપોરે રવિકુમાર રેસ્ટ રૂમમાંથી જમવા નહીં આવતા તેની માતા તેને ઉઠાડવા ગઈ હતી, તે સમયે તેની ફાંસો ખાધેલી હાલતમાં લાશ જોઈ ચોંકી ઉઠી હતી. તેણીએ બીજા પુત્રને જાણ કરતા આખો મામલો ખટોદરા પોલીસ સુધી પહોંચ્યો હતો. રવિકુમારે ઘરમાં છતની લોખંડની એંગલ સાથે નાયલોનની દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હોવાનું પોલીસે જણાવ્યું હતું.

ઈન્ડેક્ષ-સી, ઈન્ડસ્ટ્રીયલ એક્ષટેન્શન કોટેજ (ગુજરાત સરકારની સંસ્થા)
બ્લોક નં. ૭/૧, ઉદ્યોગભવન, સેક્ટર-૧૧, ગાંધીનગર, ઓફિસઃ (૦૭૯) ૨૩૨૫૬૦૦૫
E-mail: exdire-indext-c@gujarat.gov.in
INDEXT-c
હાથશાળ-હસ્તકલાના મેળા-પ્રદર્શનમાં ભાગ લેવા બાબત
ગુજરાત સરકારના કુટિર અને ગ્રામોદ્યોગ ખાતા હેઠળના ઈન્ડેક્ષ-સી દ્વારા વર્ષ ૨૦૨૧-૨૨ માં રાજ્યમાં તથા રાજ્ય બહાર વિવિધ સ્થળોએ હાથશાળ-હસ્તકલાના પ્રદર્શન-સહ-વેચાણ મેળાના આયોજન થકી રાજ્યના હાથશાળ-હસ્તકલા અને ગ્રામોદ્યોગ ક્ષેત્રના વ્યક્તિગત કારીગરો/ઔદ્યો.સહ.મંડળીઓ/સંસ્થાઓ/સખી મંડળોને સીધી બજાર વ્યવસ્થા પૂરી પાડી આત્મનિર્ભર કરવાનું આયોજન છે. આ મેળા-પ્રદર્શનમાં ભાગ લેવા મા